# ધો-૧ ૧ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર

## ૫૬૪૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી : એ-૧ ગ્રેડમાં જીલ્લાના ચાર વિદ્યાર્થીને સ્થાન

### સેન્ટ ઝેવિયર્સના રોહિત ઓઝાને કાર્ડીયોલોજીસ્ટ બનવાની તમન્ના

ગાંધીનગર, તા.૨૮

ધોરણ-૧૧ વિજ્ઞાન -વાહના જાહેર થયેલા પરિણામમાં ગાંધીનગર જિલ્લામાં એ-૧ ગ્રેડ ૯૨.૬ ટકા સાથે પ્રથમ નંબરે આવનાર સેન્ટ ઝેવિયર્સ સ્કુલના વિદ્યાર્થી ઓઝા રોહિત ગૌરીશંકરને



આગળ અભ્યાસ કરીને કાર્ડિયોલોજીસ્ટ બનવાની તમન્ના છે. રિસર્ચમાં વધુ રસ ધરાવતો હોવાથી રોહિત હાર્ટ સર્જરી સ્પેશ્યાલીસ્ટ બનવાની ઈચ્છા ધરાવે છે. રોહિતના પિતા ગૌરીશંકર ઓઝા ખાનગી કંપનીમાં સુપરવાઈઝર અને માતા શિક્ષિકા તરીકે સેવા આપે છે. માતા-પિતાના સતત માર્ગદર્શન તથા પોતે કરેલી મહેનત અને શાળા-ટ્યુશનના શિક્ષકોની મહેનત પણ પ્રથમ નંબર પ્રાપ્ત કરવામાં મદદરૂપ થઈ છે. દરરોજ નિયમિત ૭ કલાક વાંચન કરતા રોહિતને સ્પોર્ટ્સમાં પણ ઘણો ખરો રસ છે. વોલીબોલ તથા બેડમિન્ટન જેવી રમતોમાં તેને વધુ રસ છે. હાર્ડ વર્કિંગની સાથોસાથ કન્સેપ્ટ ક્લીયર હોય અને ધ્યેય પ્રત્યે સંપૂર્ણ ડેડીકેટેડ હોય તે વ્યક્તિ જરૂરથી સફળતા મેળવી શકે છે તેમ રોહિત ઓઝાનું માનવું છે.

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ગત એપ્રિલ ૨૦૧૪ માં લેવાયેલી ધોરણ-૧૧ વિજ્ઞાન -વાહ પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. નવી નક્કી કરેલી નીતિ અનુસાર ધો-૧૧ અને ધો-૧૨ ના ચારેય સેમિસ્ટર માં મેળવેલા ગુણનો સરવાળો કરીને ચાર સેમિસ્ટરને અંતે મેળવેલા ગુણ મુજબ વિદ્યાર્થીને પાસ-નાપાસ જાહેર કરવામાં આવશે. તેથી જાહેર થયેલા આ પરિણામમાં કોઈ પણ વિદ્યાર્થીઓને ઉત્તીર્ણ કે અનુત્તીર્ણ જાહેર કરવામાં આવ્યા નથી. ગાંધીનગર જિલ્લામાંથી એ-૧ ગ્રેડમાં ચાર વિદ્યાર્થીને સ્થાન મળ્યું છે.

જેમાં સેન્ટ ઝેવિયર્સના રોહિત ઓઝા મોખરે રહે છે. જ્યારે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના જેનિસ પટેલ, ઋત્વિક પટેલ અને ચોથા ક્રમે ચાંદખેડાનો વિદ્યાર્થી રહે છે. આમ જિલ્લામાં એ-૧ ગ્રેડમાં માત્ર ચાર જ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યું છે.

શિક્ષણ બોર્ડ દ્વારા ગત એપ્રિલ મહિનામાં લેવાયેલી ધો-૧૧ વિજ્ઞાન -વાહની પરીક્ષાનું બે મહિનાને અંતે આજે પરિણામ જાહેર કરાયું હતું. સમગ્ર રાજયમાંથી નોંધાયેલા ૧,૨૮,૨૭૧ વિદ્યાર્થીઓ પૈકી ૧,૨૮,૧૦૦ વિદ્યાર્થીઓએ ધો-૧૧ વિજ્ઞાન -વાહ સેમિસ્ટર-૨ ની પરીક્ષા આપી હતી. ચાર સેમિસ્ટરના અંતે વિદ્યાર્થીઓના વિષયવાર ગુણના સરવાળા કરીને તેના આધારે પાસ-નાપાસ જાહેર કરવામાં આવશે. જેઠી ધો-૧૧ સેમ-૨ ના જાહેર થયેલા આ પરિણામમાં કોઈ વિદ્યાર્થીઓને નાપાસ જાહેર કરવામાં આવ્યા નથી. સમગ્ર રાજયમાં ૧૮૯ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડમાં સ્થાન મેળવ્યું છે. ગાંધીનગર જિલ્લામાંથી પણ ધોરણ-૧૧ વિજ્ઞાન -વાહ માટે નોંધાયેલા ૫૬૫૪ પૈકી ૫૬૪૪ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લામાંથી ચાર વિદ્યાર્થીને એ-૧ ગ્રેડમાં સ્થાન મળ્યું છે. એ-૨ ગ્રેડમાં ૯૭ વિદ્યાર્થીઓ અને બી-૧ ગ્રેડમાં ૩૦૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બી-૨ ગ્રેડમાં ૫૪૩ અને સી-૧ ગ્રેડમાં ૮૮૪, સી-૨ ગ્રેડમાં ૧૩૬૦, અને ડી-ગ્રેડમાં ૧૧૪૪ વિદ્યાર્થીઓનો

| ગ્રેડ | વિદ્યાર્થીઓ (જિલ્લામાં) | વિદ્યાર્થીઓ (રાજયમાં) |
|---|---|---|
| એ-૧ | ૦૪ | ૧૮૯ |
| એ-૨ | ૯૭ | ૨૬૩૯ |
| બી-૧ | ૩૦૩ | ૬૪૧૯ |
| બી-૨ | ૫૪૩ | ૧૧૧૧૯ |
| સી-૧ | ૮૮૪ | ૧૮૮૮૭ |
| સી-૨ | ૧૩૬૦ | ૨૯૩૪૯ |
| ડી | ૧૧૪૪ | ૨૪૯૯૫ |

● અનુસંધાન પાન-૭ પર

### જિલ્લામાં દ્વિતીય સ્થાન મેળવનાર ઋત્વિક પટેલને ડૉક્ટર બનવાની ખેવના

#### નિયમિત વાંચનથી સારૂ પરિણામ મળે : જેનીશ પટેલ

ગાંધીનગરમાં એ-૧ ગ્રેડ -પ્રાપ્ત કરનાર સહજાનંદ સ્કુલ ઓફ એચીવરના વિદ્યાર્થી ઋત્વિક ચંપકભાઈ પટેલે આગળ વધુ અભ્યાસ





કરી ડોક્ટર બનવાની ઈચ્છા વ્યક્ત કરી છે. શાળાના શિક્ષકો અને માતા-પિતાને પોતાની સફળતાનો શ્રેય આપતા ઋત્વિકે ૯૨.૪ ટકા સાથે ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં ગાંધીનગર જિલ્લામાં દ્વિતીય સ્થાન -પ્રાપ્ત કર્યુ છે. તેને ૫૦૦ માંથી ૪૬૨ ગુણ હાંસલ કર્યા છે. જિલ્લામાં તૃતીય ક્રમાંક પ્રાપ્ત કરનાર સહજાનંદ સ્કુલ ઓફ એચીવરના વિદ્યાર્થી પટેલ જેનીશ કલ્પેશભાઈએ પણ પોતે મેળવેલા ૯૨ ટકા પરિણામ પાછળ પોતાની મહેનત અને શાળાના ટીચિંગ ઉપરાંત માતા-પિતાના સતત મળતા સપોર્ટને યશ આપે છે. તેને ૫૦૦ માંથી ૪૬૦ ગુણ પ્રાપ્ત કરી સફળતા મેળવી છે. બંને વિદ્યાર્થીઓ નિયમિત વાંચનથી સારું પરિણામ મળે તેવું માને છે.

### માઉન્ટ કાર્મેલમાં પ્રથમ

આજ રોજ ધોરણ-૧૧ સેમેસ્ટર-૨નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. ગાંધીનગરના જાણીતા રેડિયોલોજીસ્ટ અસીમ શાહના સુપુત્ર આર્જવ શાહે માઉન્ટ કાર્મેલ સ્કુલમાં શિખર પર સ્થાન મેળવ્યું છે. આર્જવે ૫૦૦માંથી ૪૩૩ ગુણ મેળવી ૯૯.૩૫ પર્સન્ટાઈલ મેળવી માઉન્ટ કાર્મેલ અને શાહ પરિવારનું ગૌરવ વધાર્યું છે.





સંસ્કૃતોત્સવ - ગાંધીનગર ટાઉનહોલ ખાતે શનિવારે અષાઢષ્ય પ્રથમ દિવસે સંસ્કૃત દિવસ તરીકે ઉજવાયો. પ્રસિદ્ધ સંસ્કૃત કવિ કાલીદાસનું લોકપ્રિય શાકુંતલ નાટકનું મંચન થયું હતું. નાટકમાં રાજ્યના જાણીતા કલાકારો ઉપરાંત યુવા સાંસ્કૃતિ વિભાગના સચિવ ભાગ્યેશ જહાએ કણ્વઋષિનું પાત્ર આબેહૂબ ભજવ્યું હતું. આ ઉપરાંત સંસ્કૃત ગરબા પણ ગાંધીનગરના કલાકારો દ્વારા રજૂ થયા હતા.

### આજે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રંગારંગ કાર્યક્રમ સાથે સ્કૂલ ઓફ ડાન્સનો પ્રારંભ

#### ચિત્ર પ્રદર્શન સાથે સ્કૂલ ઓફ ડ્રોઈંગ એન્ડ પેઈન્ટીંગનો પણ પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર કલ્ચરલ ફોરમની દ્વિ-દશાબ્દિ વર્ષ નિમિત્તે કલ્ચરલ સ્કૂલ ઓફ ડાન્સ અને કલ્ચરલ સ્કૂલ ઓફ ડ્રોઈંગ અને પેઈન્ટીંગનો શુભારંભ કરવામાં આવશે. આ અવસરે વિશેષ રંગારંગ કાર્યક્રમ આગામી ૨૯મી જૂન, સવારે ૯.૩૦ કલાકે ટાઉનહોલ, સેક્ટર-૧૭ ખાતે યોજાશે.

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની સાથે સાથે ભાવિ પેઢીમાં સંસ્કાર સિંચન માટે પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ ડાન્સ અને ડ્રોઈંગ-પેઈન્ટીંગ માટે કલ્ચરલ સ્કૂલનો પ્રારંભ કરી રહી છે. આ સ્કૂલોના આરંભ પ્રસંગે નૃત્ય ભારતી સંસ્થાના વરિષ્ઠ નૃત્યકાર સુશ્રી ઈલાક્ષીબેન ઠાકોર, કદમ્બના વરિષ્ઠ નૃત્યકાર સુશ્રી કુમુદિનીબેન લાખીયા, જાણીતા કવિ અને ચિત્રકાર શ્રી માધવ રામાનુજ, લોક પરંપરાના તજજ્ઞ શ્રી જોરાવરસિંહ જાદવ અને સેન્ટ ઝેવિયર્સ ગાંધીનગરના પ્રિન્સિપાલ ફાધર હેક્ટર ઉપસ્થિત રહેશે.

### બેસણું



અમારા પૂજ્ય પિતા શ્રી દિપક ભાઈશંકર પંડ્યાનું દિનાંક ૨૬/૦૬/૧૪ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદ્‌ગતનું બેસણું દિનાંક ૩૦-૦૬-૧૪ના રોજ સવારે ૯-૦૦ થી ૧૧-૦૦ દરમ્યાન અમારા નિવાસ ખાતે રાખેલ છે.

નિવાસ : 'જય એકલિંગજી' પ્લોટ નં. ૬૭૬/૧, સેક્ટર-૫/બી, ગાંધીનગર

ગૌરાંગ પંડ્યા (99099 69099) ● ઉમંગ પંડ્યા (99099 73771)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સમય અને સ્થળે રાખેલ છે.

લિ. જસવંત હરીપ્રસાદ દીક્ષિત


**ડુપ્લેક્ષ વેચવાનું છે**

પેથાપુરથી ગાંધીનગર મેઈન રોડ ઉપર, કોર્નરનું મકાન, શોપીંગ સેન્ટર નજીક, ૮ રૂમ, કેબીન, ફુલ ફર્નિચર સાથે ડુપ્લેક્ષ વેચવાનું છે. સરકારી ઈજનેરી કોલેજ નજીક

મો. ૯૭૧૪૧૦૯૧૦૮

**ભાડે આપવાનું છે**

ઉપરના માળે, પ્લોટ નં. ૧૨૫૪/૨, સેક્ટર-૭ડી, ગાંધીનગર

મો. : ૯૮૨૫૦ ૭૮૯૧૭

**બહેન જોઈએ છે**

આખા દિવસ માટે કે ૨૪ કલાક માટે ઘરની દેખરેખ રાખવા તથા જમવાનું બનાવવા માટે સારા ઘરના બહેન જોઈએ છે

સીટી પલ્સ બાજુમાં

મો. : ૯૩૭૭૪૪૨૧૧૩

**ગાંધીનગર અર્બન કો.ઓપ. બેંક લિ.ની ચુંટણી**

પરિવર્તન પેનલના ઉમેદવાર

નિશાન કુંજ

| ક્રમાંક | | ઉમેદવારનું નામ | નિશાન | સિક્કો |
|---|---|---|---|---|
| ૩ |  | કલ્પેશકુમાર પ્રહલાદભાઈ પટેલ મો. ૯૮૨૪૪૫૦૩૩૨ અંબિકા લેમીનેશન એન્ડ ફ્રેમિંગ, સેક્ટર-૨૧, ગાંધીનગર ગામ-લીંબોદ્રા, રહેઠાણ : ૧૩૨, સર્વોદયનગર, સેક્ટર-૩૦ સ્વ. પી. વી. પટેલ (નર્મદા નિગમ, બ્લોક નં. ૧૨)ના સુપુત્ર | | X |
| ૮ |  | નિલેષ રમણલાલ પટેલ મો. ૯૦૯૯૦૧૬૯૨૮ ૭૬૦૦૦૮૦૩૮૮ રાજુભાઈ ટાયરવાળા, પેટ્રોલપંપ સામે, સેક્ટર-૨૧ ડિરેક્ટર, દૂધ વાપરનારાઓની સહકારી મંડળી રહેઠાણ : ૧૫૨, સર્વોદયનગર, સેક્ટર-૩૦ (ગામ-અંબાપુર) | | X |
| ૧૪ |  | રાજેશ સીતારામ પંચોલી મો. ૯૪૨૬૦૦૩૫૩૬ ડિરેક્ટર : ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી લિ. રહેઠાણ : ૨૫૯, હરસિધ્ધનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર. | | X |
| ૧૫ |  | સુભાષ નટવરલાલ પટેલ મો. ૯૪૨૬૦૨૨૫૨૩ ઉમા ટ્રેડીંગ કંપની-ઉમા ટુલ્સ, સેક્ટર-૨૪ ઉમા કલર-ઈન્ફોસીટી ગામ : રામપુરા-માણસા મંત્રી : ૪૮ ગામ કડવા પાટીદાર સમાજ, માણસા અને બિલ્ડર્સ ડિરેક્ટર : ગાંધીનગર જિલ્લા ખાદી ગ્રામોધોગ સહકારી મંડળી લિ. પ્રમુખ : વેપારી એસોસીએશન, શ્રીનગર, સેક્ટર-૨૪, ગાંધીનગર રહેઠાણ : પ્લોટ નં. ૧૯/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર. | | X |

નોંધ : મતદારે પોતાનો ફોટો આઈડી સાથે લાવવું જરૂરી છે. | તા.ક.: દરેક મતદારે ૧૦ મત આપવા ફરજિયાત છે.

● ચૂંટણી તારીખ : ૨૯-૦૬-૨૦૧૪, રવિવાર ● મતદાન સમય : સવારે ૮-૦૦ થી સાંજે ૫-૦૦ કલાક સુધી

● મતદાનનું સ્થળ : સરકારી પ્રાથમિક શાળા, અપના બજારની પાછળ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

26.01.1994થી સતત GPSC (વર્ગ-1/2) (Dy.SP., મામલતદાર/ TDO / SO), PSI તથા તલાટી અને કલાર્ક (વર્ગ-1, 2, 3) BANK CLERKની તમામ સરકારી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવી 92.37% સરેરાશ પરીણામ મેળવનાર સંસ્થા...

**TCCI EDUCATION PVT. LTD.**



3.7.2014 (ગુરૂવાર) થી રાંધેજા, રૂપાલ, સરઢવ, ચિલોડા, વિજાપુર, માણસા, ગોજારીયા, મહુડી જેવા તમામ ગામ / તાલુકા સ્થળના વિદ્યાર્થીઓ માટે ખાસ પેથાપુર ખાતે નવી શાખાની શુભ શરૂઆત...

ઓફીસ નં. ૨૨૯, ૨૩૦, બીજો માળ, શ્રી સ્કવેર બિલ્ડીંગ, પેથાપુર ચોકડી, મહુડી-ગાંધીનગર રોડ, પેથાપુર, ગાંધીનગર.

પેથાપુર શાખામાં: કલાર્ક / તલાટી / કોન્સ્ટેબલ / સચિવાલય વર્ગ-3 માટે... માસ્ટર કોર્ષ-2014. બેચ શરૂ થવાની તા. : 10.07.2014. ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર. બેચનો સમય : સાંજના 4.30 થી 6.30. 4 માસનો અભ્યાસક્રમ. ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F)

ગાંધીનગર, મહેસાણા શાખા ઉપરાંત પેથાપુર શાખામાં 'પ્રવેશ શરૂ'

કોર્ષમાં સંપૂર્ણ સાહિત્ય FREE

પેથાપુર શાખામાં: BANK CLERK (IBPS). બેચ શરૂ થવાની તા. : 19.07.2014. ભણવાના દીવસો : સોમવાર થી શુક્રવાર. બેચનો સમય : બપોરના 2.15 થી 4.15. ફી ₹ 14,000/- (M) ₹ 11,000/- (F). 4 માસનો અભ્યાસક્રમ

ગાંધીનગર / મહેસાણા શાખામાં GPSC (વર્ગ-1/2)ની તથા માસ્ટર કોર્ષની શનિ/રવિ (સાંજની) તથા ફક્ત રવિવાર માટે અથવા સોમ થી શુક્રની બેચમાં પ્રવેશ ચાલુ છે.

**TCCI EDUCATION PVT. LTD.**

ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)

મહેસાણા 9537614607 — પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી)

પેથાપુર (ગાંધીનગર) : રૂબરૂ મળવાનો સમય સવારના 10-30 થી બપોરના 1-30 (મો. : 9537614606)

IELTS / SPOKEN ENGLISH / UPSC (IAS / IPS)ના વર્ગો ટૂંક સમયમાં શરૂ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com